અપીલ અરજી નં.૨૭ તા.૨૩–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૨–૩–૧૦ની અરજીથી(૧) તા.૫–૧૧–૦૯ ,૯–૧૧–૦૯, ૧૦–૧૧–૦૯,૨૪–૧૧–૦૯, ૧૬–૧૨–૦૯, ૨૯–૧૨–૦૯, ૩૦–૧૨–૦૯, ૬–૧–૧૦,૧૨–૧–૧૦ ઉપરોકત તારીખે જુ.ઈ. સાવન પટેલે કયા કયા બાંધકામ ધારકોની વિઝીટ લીધેલી છે તથા આ વિઝીટ દરમ્યાન તેમણે શી શી કાર્યવાહી કરી તેની બાંધકામધારકોના નામ સરનામા સહિતની વિગતવાર માહિતી આપશો. (૨) ઉપરોકત તારીખોવાળા દિવસે જુ.ઈ. સાવન પટેલે જે જે વિસ્તારોની વિઝીટ કરી તેમાં તેઓને કેટલા બાંધકામો ગેરકાયદે તૈયાર થઈ ગયા હોય અથવા તૈયાર થતા હોય તેવા જણાયા ગેરાકાયદે તૈયાર થયેલા તથા તૈયાર થતાં આ બાંધકામ ધારકો વિરૂધ્ધ ત્યારબાદ સાવન પટેલે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૩–૪–૧૦ ની **SMC/FAP/** નં.૨૭/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૨–૩–૧૦ની અરજીથી (૧) તા.૫–૧૧–૦૯ ,૯–૧૧–૦૯, ૧૦–૧૧–૦૯, ૨૪–૧૧–૦૯, ૧૬–૧૨–૦૯, ૨૯–૧૨–૦૯, ૩૦–૧૨–૦૯, ૬–૧–૧૦,૧૨–૧–૧૦ ઉપરોકત તારીખે જુ.ઈ. સાવન પટેલે કયા કયા બાંધકામ ધારકોની વિઝીટ લીધેલી છે તથા આ વિઝીટ દરમ્યાન તેમણે શી શી કાર્યવાહી કરી તેની બાંધકામધારકોના નામ સરનામા સહિતની વિગતવાર માહિતી આપશો. (૨) ઉપરોકત તારીખોવાળા દિવસે જુ.ઈ. સાવન પટેલે જે જે વિસ્તારોની વિઝીટ કરી તેમાં તેઓને કેટલા બાંધકામો ગેરકાયદે તૈયાર થઈ ગયા હોય અથવા તૈયાર થતા હોય તેવા જણાયા ગેરાકાયદે તૈયાર થયેલા તથા તૈયાર થતાં આ બાંધકામ ધારકો વિરૂધ્ધ ત્યારબાદ સાવન પટેલે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબત. નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૭ તા.૩–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૬૩ તા.૧૦–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી અને દસ્તાવેજ ફી ભરપાઈ કરવા પાઠવેલ પત્ર નં.સા.ઝોન/ટેક./૨૧૦ તા.૧૨–૪–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨૨–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી મંગતી અરજી કરવામાં આવેલ. જે બાબતે અરજદારને દિન–૩૦ માં માહિતી નહીં મળ્યાના પ્રતિભાવથી નાશાજ થઈ અરજદારે તા.૨૩–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. મુદ્દા નં. (૧) તા.૫–૧૧–૦૯ ,૯–૧૧–૦૯, ૧૦–૧૧–૦૯,૨૪–૧૧–૦૯, ૧૬–૧૨–૦૯, ૨૯–૧૨–૦૯, ૩૦–૧૨–૦૯, ૬–૧–૧૦,૧૨–૧–૧૦ ઉપરોકત તારીખે જુ.ઈ. સાવન પટેલે કયા કયા બાંધકામ ધારકોની વિઝીટ લીધેલી છે તથા આ વિઝીટ દરમ્યાન તેમણે શી શી કાર્યવાહી કરી તેની બાંધકામધારકોના નામ સરનામા સહિતની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં. (૨) ઉપરોકત તારીખોવાળા દિવસે જુ.ઈ. સાવન પટેલ ે જે જે વિસ્તારોની વિઝીટ કરી તેમાં તેઓને કેટલા બાંધકામો ગેરકાયદે તૈયાર થઈ ગયા હોય અથવા તૈયાર થતા હોય તેવા જણાયા ગેરાકાયદે તૈયાર થયેલા તથા તૈયાર થતાં આ બાંધકામ ધારકો વિરૂધ્ધ ત્યારબાદ સાવન પટેલે શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૬૩ તા.૧૦–૫–૧૦ થી " મુદ્દા નં.૧ તથા ૨ આપની અરજીમાં જણાવેલ તારીખોએ ઝોન કચેરીથી આસી. ઈજનેરે જે સાઈટ વીઝીટ કરેલ તેની તેમજ કરેલી કાર્યવાહીની દફતરી ઉપલબ્ધ નકલો માટે રૂા.૨૪/– (શબ્દોમાં ફકત ચોવીસ પૂરા) જમા કરવાનું ફરમાવવામાં આવે છે. આ વિભાગ/કચેરીમાં જમાં રકમ કરાવ્યા પછી જરૂરી માહિતી દસ્તાવેજોની નકલો મેળવી લેવા વિનંતી. તેવો પત્ર પાઠવવામાં આવેલ." પરંતુ અરજદારે તે અંગે પૈસા ભરપાઈ કરી માહિતી મેળવેલ છે કે કેમ તે બાબતે અરજદાર કે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે તેવી કોઈ વિગતો રજૂ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી ધ્વારા દસ્તાવેજ ફી ભરવા જણાવતો પત્ર અરજદારને મોકલવાના આધાર રજૂ કરેલ નથી. પરંતુ કચેરીના આઉટવર્ડ નંબર પરથી તા.૧૨–૪–૧૦ ના રોજ નંબર પાડેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રૂા.૨૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ હોઈ અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ જણાવેલ રકમ ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૧૦

ડે.કમિશ્નર(જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ